## આ અંકની હાઈલાઈટસ

- વરસાદી પાણીના નિકાલ માટે ચાલુ વરસાદે જાહેર માર્ગો પર સ્કીન ચેમ્બરોની સઘન સફાઈ
- ૨૦ વર્ષથી વધુ જુની આવાસ યોજનાઓનું પૂનઃનિર્માણ થશેઃ
- રાજકોટના એસ્ટ્રોટર્ફ હોકી મેદાનને વર્લ્ડ ગવર્નિંગ બોડી 'F.I.H.'ની માન્યતા પ્રાપ્ત થઈ

જુલાઈ-૨૦૧૬, અંક નં. ૧૧ ઈ-ન્યુઝલેટર

# સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેકસ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮


## બેડી ફિલ્ટર પ્લાન્ટ કાર્યાન્વિત થતા રાજકોટને આગામી દોઢ દાયકા સુધી પીવાના પાણીની તકલીફ નહી પડે

**ખાસ વાત**

**હવે દરરોજ ૩૧ કરોડ લીટર પાણી શુદ્ધ કરવાની ક્ષમતા : મૂળ ૭૩ કરોડની યોજનામાં રાજકોટ મહાનગરપાલિકાએ વ્યવહારૂ ફેરફારો કરી રૂા.૨૦ કરોડ બચાવ્યાં : બચત થયેલા રૂા.૨૦ કરોડમાંથી રૈયાથી બેડી સુધી નવી પાઈપલાઈન : હવે ચારેય દિશામાંથી પાણી મેળવી અને વિતરણ થઇ શકશે**

તા. ૦૩-૦૮-૨૦૧૬ના રોજ પાણી પુરવઠા મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કોર્પોરેશન દ્વારા નિર્મિત બેડી ફિલ્ટર પ્લાન્ટનું લોકાર્પણ કરી દીધુ છે. આ ફિલ્ટર પ્લાન્ટ કાર્યરત થતા રાજકોટ માટે મહત્વકાંક્ષી યોજનાનું પદાર્પણ થયુ છે કેમ કે આ ફિલ્ટર પ્લાન્ટ શરૂ થતા જ રાજકોટને આવતા ૧૦ વર્ષ સુધી પાણીકાપની સમસ્યામાંથી મુકિત મળશે તેમ કમિશનરશ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું.

શ્રી વિજય નેહરાએ આ યોજનાની ટેકનિકલ વિગતો અને તેનુ મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, મૂળ ૨૦૧૩માં કેન્દ્ર સરકારની JnNURM યોજના હેઠળ ૭૩.૬૫ કરોડના ખર્ચે આ ફિલ્ટર પ્લાન્ટનો પ્રોજેક્ટ મંજુર થયેલું પરંતુ ૨૦૧૪ સુધી આ પ્રોજેક્ટ માત્ર કાગળ પર જ હતો કેમ કે ફિલ્ટર પ્લાન્ટમાં પાણી કયાંથી મેળવવુ? તે બાબતે નિર્ણય લેવાયો ન હતો. દરમિયાન ૨૦૧૪માં પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ સાથે બેઠકો યોજી અને હડાળાથી બેડી ફિલ્ટર પ્લાન્ટ સુધી પાણીની પાઇપલાઇન નાખી અને ગ્રેવિટી (કુદરતી ઢોળાવ પમ્પીંગ વગર)થી નર્મદા નીર મેળવવું તેવો નિર્ણય લેવાયો. આથી ટેન્ડર પ્રક્રિયા વગેરે હાથ ધરવામાં આવી અને નિર્ણય કાર્ય શરૂ થયું.

૩ તબકકે આ કામ પૂરૂ કરાયુ જેમાં હડાળાથી બેડી સુધી ૧૦૦૦ મી.મી. વ્યાસની ૧૦ કિ.મી. લાંબી પાઈપલાઈન ૧૬.૬૫ કરોડના ખર્ચે નાખવામાં આવી. બીજા તબકકામાં બેડી ફિલ્ટર પ્લાન્ટમાં પાણી ના ટાંકા, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરે ૧૦ કરોડના ખર્ચે અને બેડીથી જયુબેલી પમ્પીંગ સ્ટેશન સુધી ૯.૧૦ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખવામાં આવી તથા વોર્ડ નં. ૪માં ૭.૮૨






કરોડના ખર્ચે પાઈપલાઈનનું નેટવર્ક ઉભુ કરાયું આમ આ સમગ્ર પ્રોજેક્ટ ૫૫ કરોડના ખર્ચે તૈયાર થયો. આથી આ યોજનામાં કોર્પોરેશનને ૨૦ કરોડ જેટલો ફાયદો થયો છે કેમ કે, મૂળ ૭૩ કરોડની યોજના હતી. આ બચેલા ૨૦ કરોડમાંથી રૈયાધારથી બેડી ફિલ્ટર પ્લાન્ટ સુધી વધારાની નવી પાઈપલાઈન નાખવાનું કામ ચાલુ છે. જેથી જરૂર પડે ત્યારે ન્યારી ડેમનું પાણી રૈયાધારથી બેડી અને બેડીથી જયુબેલી સુધી પહોંચાડી શકાય એટલું જ નહી જયુબેલીથી ગુરૂકુળ સુધી પણ પાઈપલાઈનનું નેટવર્ક છે જ એટલે ત્યાં ન્યારી નું પાણી પહોંચાડી શકાય. તેવી જ રીતે આજીનું પાણી પણ જરૂર પડે ત્યારે આ જ પ્રકારે ન્યારી ઝોનમાં ટ્રાન્સફર કરી શકાશે. આ ભવિષ્યમાં કયારેક નર્મદા નીર અટકે તો ભાદર, આજી, ન્યારી ત્રણેય ડેમોનું પાણી સમગ્ર શહેરમાં વિતરણ થઇ શકશે. આ હવે રાજકોટ પાણીની કટોકટીમાંથી આગામી ૧૦ વર્ષ સુધી બહાર નીકળી ગયુ છે કેમ કે રાજકોટ પાસે ૨૦૨૬ની વસ્તીને ધ્યાને લઇ પાણી ફિલ્ટરનું આયોજન થઇ ગયું છે.

અંતમાં કમિશનરશ્રીએ જણાવેલ કે, અત્યાર સુધી આજી ફિલ્ટરમાં ૧૧૫ એમએલડી, ન્યારી ફિલ્ટરમાં ૪૦ એમએલડી, રીબડા ફિલ્ટરમાં ૪૦ એમએલડી, રૈયાધાર ફિલ્ટરમાં ૫૦ એમએલડી, ઘંટેશ્વર ફિલ્ટરમાં ૧૫ એમએલડી, ૨૬૦ એમએલડી પાણી શુદ્ધ થતુ હતું અને તેટલું જ પાણી વિતરણ પણ થળ જતુ હતું. પરંતુ હવે બેડી ફિલ્ટર પ્લાન્ટમાં વધુ ૫૦ એમએલડી પાણી શુદ્ધ થઇ શકે તેટલી ક્ષમતા છે આથી હવે પછી દરરોજનું ૩૧૦ એમએલડી એટલે કે અંદાજે ૩૧ કરોડ લીટર પાણી દરરોજ શુદ્ધ કરવાની ક્ષમતા છે. આમ હવે





રાજકોટમાંથી પાણીકાપ તણાયો છે તેમ શ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું.

તા. ૦૨-૦૮-૨૦૧૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા JnNURM હેઠળ બેડી નજીક નિર્માણ પામેલ વોટર ફિલ્ટર પ્લાન્ટ E.S.R., G.S.R. તથા પમ્પીંગ સ્ટેશનનું લોકાર્પણ ગુજરાતના વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના માન. મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે થયું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય તેમજ આ પ્રસંગે ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેનશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીન ચેરમેનશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી ભીખાભાઇ વસોયા, ડેપ્યુટી મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેનશ્રી દેવાંગભાઇ માંકડ, શાસકપક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, કોર્પોરેટર અજયભાઇ પરમાર, આશિષભાઇ વાગડીયા, અશ્વિનભાઇ મોલીયા, અશ્વિનભાઇ ભોરણીયા, બીનાબેન આચાર્ય, દેવુબેન જાદવ, જયાબેન ડાંગર, જયોત્સનાબેન ટીલાળા, દક્ષાબેન ભેસાણીયા, શીલ્પાબેન જાવીયા, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, સભ્ય મુકેશ મહેતા, ભાજપ અગ્રણી મનસુખભાઇ જાદવ, બાબુભાઇ ઉઘરેજા, મુકેશભાઇ ધનસોતા, અરવિંદભાઇ ભેસાણીયા, ઘનશ્યામભાઇ કુગશીયા, જગાભાઇ રબારી, પરાગભાઇ મહેતા, દુષ્યંતભાઇ સંપટ, કીન્નરીબેન, રાજુભાઇ પાટડિયા, કિરણબેન પાટડિયા, દેવાંગભાઇ કુકાવા, કિશોરભાઇ રાઠોડ, વો.વ. સિટી એન્જી. રાજયગુરુ, ડે. એન્જી. છૈયા, પરમાર, દેથરીયા સહિતના અધિકારી/કર્મચારીઓ તેમજ ઉપલા કાંઠા વિસ્તારના રહેવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

નર્મદા પાણી પુરવઠા અંતર્ગત JnNURM હેઠળ હડાળા હેડ વર્કસથી ૧૦ કી.મી. લંબાઈની ૧૦૦૦ મી.મી. ડાયામીટરની ગ્રેવીટી મેઇન પાઇપલાઇન, ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ, E.S.R., G.S.R. તથા પમ્પીંગ સ્ટેશન બનાવવા રૂા. ૭૩.૬૫ કરોડનો પ્રોજેકટ મંજુર થયેલ. આ યોજના અંતર્ગત પાઇપલાઇન, ફિલ્ટર પ્લાન્ટ, E.S.R., G.S.R., પમ્પ હાઉસ સહિતની તમામ કામગીરી પૂર્ણ થયેલ છે. જેમાં આશરે ૨૦ હજાર ચો.મી. જમીન પર રૂા. ૧૬.૯૩ કરોડના ખર્ચે ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ, ૨૫ મી. ઉંચાઈની ૩૦ લાખ લીટર ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ, ૨૦ મિલિયન લીટર ક્ષમતાનું જી.એસ.આર. તેમજ પ્રોજેકટને આનુષાંગિક ફિલ્ટરેશન પ્લાન્ટ, કલોરીફો--કયુંલેટર, પમ્પ હાઉસ વગેરે કામો પૂર્ણ થયેલ છે.

# હવેથી યસ બેન્કમાં પણ મિલકત વેરો ભરપાઈ કરી શકાય એવી વ્યવસ્થા કરતી મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને શહેરમાં વિવિધ સ્થળોએ મિલકત વેરો ભરપાઇ કરવાની સુવિધા મળી રહે તે માટે મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ તમામ વોર્ડની ઓફિસ, પોસ્ટ ઓફિસ, HDFC બેન્ક ઉપરાંત ICICI બેન્કની શાખાઓ ખાતે તેમજ ઓનલાઇન ટેકસ વસૂલાતની વ્યવસ્થા અમલમાં મુકયા બાદ હવે આ સેવાનો વ્યાપ વધુ વિસ્તારી લોકોની સુવિધામાં વધારો કરવાના આશયથી વધુ એક બેન્ક ‘‘યસ બેન્ક’’ની શાખાઓમાં પણ મિલકત વેરાની વસૂલાત શરૂ કરાવવાનું નકકી કરેલ છે.

આ તકે એ ખાસ ઉલ્લેખ કરવો રહયો કે, અત્યારે ખાનગી બેન્કો દ્વારા કોઈપણ પ્રકારનો ચાર્જ લીધા વિના મહાપાલિકાનો વેરો વસૂલ કરવામાં આવી રહયો છે અને આ જ પ્રકારે યસ બેન્ક પણ કશો જ વસૂલ કર્યા વગર જ મિલકત વેરાની વસૂલાત કરી આપશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરાવવામાં આવેલી વ્યવસ્થા અનુસાર યસ બેન્કની જે ત્રણ શાખાઓ દ્વારા વેરો સ્વીકારવા આવનાર છે તે આ મુજબ છે.

**૧) યસ બેન્ક લિ. પ્રથમ માળ,**
**નાથ એદીફીસ બિલ્ડીંગ,**
**પ્લોટ નંબર ૨૧/૨૫,**
**ડો. યાજ્ઞિક રોડ જંકશન,**
**રેસકોર્ષ રોડ, રાજકોટ-૧.**

**૨) યસ બેન્ક લિ.,**
**સોલીટેર બિલ્ડીંગ,**
**પીઝા હટ પાસે,**
**૧૫૦ ફૂટ રીંગ રોડ,**
**રાજકોટ-૫.**

**૩) યસ બેન્ક લિ.**
**શોપ નંબર ૧ અને ૨,**
**છનીયારા બિલ્ડીંગ,**
**શિવાલિક-૭ અને**
**SBI સામે, ગોંડલ રોડ,**
**રાજકોટ-૧.**

યસ બેન્કની ઉપરોકત ત્રણેય શાખાઓમાં વેરો સ્વીકારવાની કામગીરી કરવામાં આવનાર છે. નાગરિકોને આ નવી સેવાથી વેરો ભરપાઇ કરવા માટેના સ્થળોમાં વધુ વિકલ્પોનો લાભ પ્રાપ્ત થઇ શકશે.



સ્માર્ટ રાજકોટ
રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. જુલાઇ-૨૦૧૬

# વરસાદી પાણીના નિકાલ માટે ચાલુ વરસાદે જાહેર માર્ગો પરની સ્ક્રીન ચેમ્બરોની સઘન સફાઇ કરાઇ









રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુ દરમ્યાન શહેરમાં વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થાય અને જાહેર માર્ગો પર પાણી ભરાવવાના પ્રશ્ન ઉપસ્થિત ના થાય તે માટે થોડા સમય પૂર્વે વોંકળાઓમાંથી કચરો બહાર કાઢવા અને સ્ક્રીન ચેમ્બરો સાફ કરવા સહિતની આગોતરી તૈયારી તો કરવામાં આવી જ હતી પરંતુ ચોમાસા દરમ્યાન પણ સ્ક્રીન ચેમ્બરો સાફ કરવાની કામગીરી ચાલુ રાખી શહેરને પાણી ભરાવાની સમસ્યામાંથી મહદ અંશે મુક્તિ મળે તેવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસો તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે. ચાર પાંચ દિવસ પમહેલા પણ રવિવારની જાહેર રજાના દિવસે ચાલુ વરસાદે સ્ક્રીન ચેમ્બરો સાફ કરવામાં આવી હતી, એવી જ રીતે ૫-૮-૨૦૧૬એ ભારે વરસાદ વચ્ચે પણ આ કામગીરી કરવામાં આવી હતી, તેમ મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું.

અત્રે એ નોંધવું રહ્યું કે, શહેરના વિવિધ માર્ગો પર સ્ક્રીન ચેમ્બરો બનાવવામાં આવતી હોય છે અને તેમાં આવતું વરસાદી પાણી મોટા કદની પાઇપ લાઇન મારફત જે તે નજીકના વોંકળામાં ઠલવાતું હોય છે. મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાની સૂચના અનુસાર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરની સ્ક્રીન ચેમ્બરો સાફ કરવામાં આવી હતી.

‘‘સ્વચ્છ ભારત મિશન’’ અંતર્ગત રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા જળવાઇ રહે તે હેતુથી તમામ જાહેર સ્થળો, માર્ગો પર સફાઇ કરાવવામાં આવે છે તેમજ ચોમાસા ઋતુ અન્વયે વરસાદી પાણીના નિકાલ માટેની સ્ક્રીન ચેમ્બરોની પણ સફાઇ કરાવવામાં આવે છે જેથી વરસાદી પાણીનો નિકાલ સરળતાથી થઇ શકે.

રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા આજે સેન્ટ્રલ ઝોનમાં ત્રિકોણ બાગ, હોસ્પિટલ ચોક, હેમુ ગઢવી હોલ પાસેનો માર્ગ, રેસકોર્ષ રિંગ રોડ, પોલીસ હેડ કવાર્ટર, ગાયત્રીનગર મેઇન રોડ, સોરઠીયાવાડી સર્કલ અને નંદા હોલ પાસેના એરિયા તેમજ વેસ્ટ ઝોનમાં એસ્ટ્રોન નાળું, લક્ષ્મીનગર નાલુ, મુખ્ય માર્ગો જેવા કે, રૈયા ચોકડીથી રૈયા ગામ સુધી, નાનામવા રોડ, બી.આર.ટી.એસ. રીંગ રોડ, મહિલા કોલેજ અન્ડર બ્રિઝ, કાલાવડ રોડ, અને ઈસ્ટ ઝોન માં કુવાડવા રોડ, કૈસરે હિન્દ પૂલ, પેડક રોડ, ન્યુ આશ્રમ રોડ, પટેલ વાડી પાસે, ચંપકભાઇ વોરા ડિસ્પેન્સરી પાસે, ગંજીવાડા, મારૂતી ૫૦ ફૂટ રોડ, સંત કબીર રોડ, સર્વોદય સોસાયટી, કોઠારિયા રોડ, કોઠારિયા ગામના કેટલાક એરિયા વગેરે વિસ્તારોમાં સ્થળો પર વરસાદી પાણી ભરાઇ ન રહે તે હેતુથી વરસાદ પહેલા વરસાદી પાણીના નિકાલની તમામ સ્ક્રીન ચેમ્બરોની સફાઇ કરાવવામાં આવેલ તેમજ રવિવારના બપોર બાદ ચાલુ વરસાદ દરમ્યાન વોર્ડના સેનેટરી ઇન્સપેકટરના સુપરવિઝનમાં વોર્ડના સફાઇ કામદારો મારફત નીચેની વિગતે વરસાદી પાણીના નિકાલ માટેની સ્ક્રીન ચેમ્બરોની સફાઇ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી નાયબ પર્યાવરણ ઇજનેરો શ્રી વલ્લભભાઇ જીંજાળા, શ્રી ડી. યુ. તુવર અને શ્રી પ્રજેશભાઇ સોલંકીની દેખરેખમાં જે તે ઝોનના તમામ વોર્ડના વોર્ડ આસીસ્ટન્ટ ઇજનેર સેની. સુપ્રી. તેમજ વોર્ડનાં સેનેટરી ઈન્સ્પેકટર અને સેનેટરી સબ ઈન્સ્પેકટર અને સફાઇ કામદારો દ્વારા વ કરાવવામાં આવેલ છે.

# ૨૦ વર્ષથી વધુ જુની આવાસ યોજનાઓનું પૂનઃનિર્માણ થશેઃ

**જાહેર સંસ્થાઓ દ્વારા નિર્મિત જાહેર આવાસોનાં પૂનઃનિર્માણ/ પૂનઃવિકાસ માટે ગુજરાત સરકારશ્રીએ અપનાવેલી એક ખાસ નીતિ અનુસંધાને ગુજરાતમાં સર્વપ્રથમ રાજકોટ મહાપાલિકાની એક નવી પહેલ**



(પ્રતિકાત્મક તસ્વીર)

## રાજકોટ મહાનગરપાલિકાની ખાસ યોજના

ગુજરાત સરકારશ્રી દ્વારા રાજયમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ અને ગુજરાત હાઉસીંગ બોર્ડ વગેરે જેવી જાહેર સંસ્થાઓ દ્વારા નિર્મિત જાહેર આવાસોનાં પૂનઃનિર્માણ/પૂનઃવિકાસ માટે અપનાવેલી એક ખાસ નીતિ અનુસંધાને ગુજરાતમાં સર્વપ્રથમ રાજકોટ મહાનગર--પાલિકાએ આવા નિર્માણ / પૂનઃનિર્માણ ક્ષેત્રે એક નવી પહેલ કરી છે. જેમાં બે દાયકા કરતા વધુ સમય પહેલાની જાહેર આવાસ યોજનાઓના જર્જરિત થઇ ગયેલા કે રહેવા યોગ્ય જણાતા ના હોય તેવા આવાસોને પી.પી.પી. (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનશીપ) ના માધ્યમથી પૂનઃનિર્માણ થકી નવું આધુનિક સ્વરૂપ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ રાજકોટ મહાનગરપાલિકાએ કાલાવડ રોડથી નજીક સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ સામે સ્થિત શ્રી અરવિંદભાઇ મણિયાર આવાસ યોજનાનું પૂનઃનિર્માણ કરવા માટે એક યોજના હાથ ધરી છે. હવે મહાનગરપાલિકા આ ક્ષેત્રમાં વધુ એક ડગલું આગળ ધપીને શહેરની અન્ય જાહેર આવાસ યોજનાઓને પણ તેમાં આવરી લેવા અને નાગરિકોને વધુ સુવિધાપૂર્ણ ઘર પ્રદાન કરવા વિચારી રહી છે તેમ મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું.

કમિશનરશ્રીએ રાજકોટ સરકારશ્રીની રીડેવલપમેન્ટ ઓફ પબ્લિક હાઉસિંગ યોજનાઓ હાલમાં જર્જરિત હાલતમાં છે અથવા તો આ યોજનામાં સંપૂર્ણ F.S.I.નો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આ હાઉસિંગ યોજના--ઓમાં હવે સરકારશ્રીની નવી નીતિ અનુસાર જે તે આવાસનું વધારાના કાર્પેટ એરિયા સહીત પૂનઃનિર્માણ કરી શકશે. આ ઉપરાંત જયાં શકય હોય ત્યાં વધારાના એફોર્ડેબલ આવાસોનું નિર્માણ કરી શકાશે. જે જાહેર આવાસ યોજનાના પ્લોટનો વિસ્તાર ૫૦૦ ચો.મી. અથવા તો તેનાથી વધુ હોય તેવી યોજનાઓને આ પ્રોજેટકમાં આવરી લઇ શકાશે, આમ છતાં તેનાથી ઓછા વિસ્તારવાળા પ્લોટોનો પણ જરૂરીયાત પ્રમાણે વિકાસ કરી શકાશે.

**પૂનઃનિર્માણને પાત્ર ઠરતી જાહેર આવાસ યોજનાઓમાં મકાન ધરાવતા લાભાર્થીઓને હયાત કાર્પેટ વિસ્તાર કરતા વધુ કાર્પેટ વિસ્તાર ફાળવવામાં આવશે.**

આ નીતિની એક વિશેષ લાક્ષણીકતા તરફ ધ્યાન આકર્ષિત કરતા મ્યુનિ. કમિશનરશ્રીઓ કહ્યું હતું કે, પૂનઃનિર્માણને પાત્ર ઠરતી જાહેર આવાસ યોજનાઓમાં મકાન ધરાવતા લાભાર્થીઓને હયાત કાર્પેટ વિસ્તાર કરતા વધુ કાર્પેટ વિસ્તાર ફાળવવામાં આવશે. ખાનગી વિકાસકાર હયાત રહેણાંક આવાસોનો મૂળ સ્થળે જ પૂનઃવિકાસ / પૂનઃનિર્માણ વિનામૂલ્યે કરી આપશે. સાથોસાથ જાહેર આવાસ યોજનામાં વાણિજ્ય પ્રવૃતિઓ માટે જેટલો વિસ્તાર ઉપયોગમાં લેવામાં આવેલ હશે તેટલો જ વિસ્તાર વિકાસકારે પુરો પાડવાનો રહેશે.

**જે જાહેર આવાસ યોજનાના પ્લોટનો વિસ્તાર ૫૦૦ ચો.મી. અથવા તો તેનાથી વધુ હોય તેવી યોજનાઓને આ પ્રોજેટકમાં આવરી લઇ શકાશે.**

આ સ્કીમનો લાભ મેળવવા માટે જે તે જાહેર આવાસ યોજનાના લાભાર્થીઓના એસોશિએશન/સોસાયટી દ્વારા સંબંધિત રાજકોટ મહાનગરપાલિકાને અરજી કરવાની રહેશે. આ એસોશિએશન / સોસાયટી દ્વારા નિયત પત્રક મુજબ ઠરાવ કરવાનો રહેશે, અને ઓછામાં ઓછા ૬૦ ટકા સભ્યોની મંજુરી પણ આવશ્યક રહેશે. ત્યારબાદ સંપૂર્ણ પારદર્શિતા સાથે ઇ-ટેન્ડર પ્રક્રિયા દ્વારા ખાનગી વિકાસકારની પસંદગી કરવામાં આવશે. અલબત જે ખાનગી વિકાસકાર વધારાના એફોર્ડેબલ આવાસો માટે વધુમાં વધુ બિલ્ટ અપ એરિયા / કાર્પેટ એરિયા / આવાસોની સંખ્યા આપશે તેની પસંદગી કરવામાં આવશે. આ પૂનઃનિર્માણ / પૂનઃવિકાસ યોજના માટે પસંદગી પામેલા ખાનગી વિકાસકાર, રાજકોટ મહાનગરપાલિકા અને જાહેર આવાસ યોજનાના લાભાર્થીઓના એસોશિએશન / સોસાયટી વચ્ચે ત્રિપક્ષીય કરાર કરવામાં આવશે. આવાસનું પૂનઃનિર્માણ / પૂનઃવિકાસ કામ શરૂ થતા પૂર્વેથી લઇને લાભાર્થીઓને નવા આવાસના બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર મેળવ્યા સુધી તેમજ નવા મકાનોનો કબજો સોંપ્યા સુધી ખાનગી વિકાસકાર ભોગવશે. ઉપરાંત, તૈયાર થયેલી આ નવી આવાસ યોજનામાં બનેલા આવાસો અને વધારાના એફોર્ડેબલ આવાસોનું સાત (૭) વર્ષ સુધી સંચાલન અને જાળવણી પણ વિકાસકાર કરશે. આ પછી આ જવાબદારી લાભાર્થીઓના એસોશિએશન/સોસાયટીને સોંપી આપવામાં આવશે.

કમિશનરશ્રીએ એવી ટકોર પણ કરી હતી કે, આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતી જાહેર આવાસ યોજનાઓ મહાનગરપાલિકાનું બાકી રહેતું લેણું ચુકવી આપવાનું રહેશે. વિશેષમાં જાહેર આવાસ યોજનામાં જે તે આવાસ માલિક જ નવા આવાસના હકદાર રહેશે, ભાડુઆતને આવાસ ફાળવવામાં આવશે નહી. જોકે ભાડાપટ્ટે રહેતા રહેવાસીઓને આવાક મર્યાદા માપદંડના આધારે આ યોજનામાં વધારાના જે એફોર્ડેબલ આવાસો બન્યા હશે તેમાં નિયત કિંમતનું ચુકવણું કર્યેથી અગ્રતા આપવામાં આવશે.

કમિશનરશ્રીએ એમ પણ ઉમેર્યું હતું કે, પૂનઃનિર્માણ પામનારી આ આવાસ યોજનામાં નાગરિક સુવિધા અને સામાજિક આંતરમાળ--ખાકીય વિકાસના બધા જ કામો ખાનગી વિકાસકારના ખર્ચે કરવામાં આવશે. આ કામોમાં બધા જ આંતરિક રસ્તાઓ, ફૂટપાથ, સંપૂર્ણ પાણી પૂરવઠો, ઓવરહેડ ટાંકી અથવા સમ્પ, પાણીની લાઇનો, વીજ પૂરવઠાની વહેંચણીની લાઇનો, જરૂર જણાયે ગેસ પૂરવઠાનું નેટવર્ક, ટ્રાન્સફોર્મર્સ વિગેરે, આંતરિક ડ્રેનેજ લાઇન, દરવાજા સાથેની કમ્પાઉન્ડ વો, સ્ટ્રીટ લાઇટ, કેમ્પસમાં એન મકાનોની સામે વૃક્ષારોપણ, રેઇન વોટર હાર્વેસ્ટિંક વિગેરેનો સમાવેશ થાય છે. સામાજિક આંતર--માળખાકીય વિકાસના આ બધા જ કામો નિયત ધોરણો મુજબ જ કરવાના રહેશે. સાથો સાથ બિલ્ડીંગના ધાબા પર ઓછામાં ઓછા ૫૦ ટકા વિસ્તારમાં ગ્રીડ કનેકશન સાથે સોલાર ઇન્સ્ટોલેશન પણ ફરજીયાત પણે કરવાનું રહેશે.



# રાજકોટ મહાનગરપાલિકાનાં સ્પોર્ટસ સંકુલોની મેમ્બરશીપ મેળવવા માટે ઓનલાઈન વ્યવસ્થા

રાજકોટ શહેરને સ્માર્ટ સિટી મિશન હેઠળ એક આધુનિક શહેર તરીકેની ઓળખ મળે અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અપાતી વિવિધ સેવાઓ શહેરીજનોને વધુ ને વધુ આસાનીથી ઉપલબ્ધ બને તે માટે 'ટેકનોલોજી ડ્રીવન'ના કન્સેપ્ટ સાથે મહાનગરપાલિકાએ ક્રમશઃ વિવિધ સેવાઓ ઓનલાઇન પ્રાપ્ય બનાવવાનું કાર્ય હાથ ધરેલ છે. હંમેશા સમય ટેકનોલોજી સાથે કદમ મિલાવવા પ્રયત્ન કરી રહેલ રાજકોટ મહાનગરપાલિકા શહેરનાં નાગરીકોને ઇ-ગવર્નન્સમાં સર્વોતમ સેવા પૂરી પાડવાનાં આશયથી જુદી જુદી સ્પોર્ટસ એકટીવીટી માટેની મેમ્બરશીપ પણ ઓનલાઇન થઇ શકે તેવી વ્યસ્થા કરવામાં આવેલ છે તેમ મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું.

કમિશનરશ્રીએ વધુમાં કહ્યું હતું કે, અત્યારસુધી સ્પોર્ટસની વિવિધ સુવિધાઓનો લાભ મેળવવા ઈચ્છતા લોકોએ જ તે સ્પોર્ટસ સંકૂલ ખાતે રૂબરૂ જઇ સભ્ય ફોર્મ મેળવવા લાંબી કતારમાં ઉભું રહેવું પડતું હતું. સાથે સમયનો પણ ભોગ આપવો પડતો હતોફ જો કે હવે આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાનાં સ્નાનાગાર, એથલેટીક ટ્રેક, ટેનીસ કોર્ટ, જીમ વિગેરેની મેમ્બરશીપ મેળવવા માટે ઓનલાઇન જ વ્યવસ્થા થઇ જતા લોકોને લાઇનમાં ઉભુ નહી રહેવુ પડે. આ સુવિધા હવે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પર તેમજ મહાનગરપાલિકાનાં સિટી સિવિક સેન્ટર પર ઉપલબ્ધ છે.

રાજકોટ મહાનગરપાલિકાનાં સ્પોર્ટસ મેમ્બરશીપ મેળવવા ઈચ્છતા નાગરિકો રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પર ફોર્મ ભરી નિયત ફીનું ચુકવણુ ઓનલાઇન અથવા તો મહાનગરપાલિકાનાં સિટી સિવિક સેન્ટર કરી શકશે. રજીસ્ટ્રેશન માટે આધાર કાર્ડ આવશ્યક બનશે.

આ પ્રોજેક્ટમાં હાલ નીચેનાં સ્પોર્ટસ સંકુલોની મેમ્બરશીપ રજીસ્ટ્રેશન આવરી લેવામાં આવશે.

૧) લોકમાન્ય તીલક સ્નાનાગાર, રેસકોર્ષ
૨) સરદાર વલ્લભભાળ પટેલ સ્નાનાગાર, કોઠારીયા રોડ
૩) સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર, પેડક રોડ
૪) મહર્ષિ દયાનંદ સ્નાનાગાર, કાલાવડ રોડ
૫) જીમ, રેસકોર્ષ
૬) સીન્થેટીક ટેનીસ કોર્ટ, રેસકોર્ષ
૭) સીન્થેટીક એથ્લેટીક ટ્રેક, રેસકોર્ષ
૮) મેરેથોન ટ્રેક





વિશેષમાં આ અગાઉ કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રી દ્વારા રાજયમાં નવા રોકાણકાણો ધંધો-વ્યવસાય સરળતાથી શરૂ કરી શકે તે પ્રકારનો અભિગમ અપનાવવામાં આવેલ છે. જે અનુસાર ધંધો-વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી તમામ લાયસન્સ એક જ જગ્યાએથી મળી રહે તે માટે રાજય સરકારશ્રી દ્વારા ઓન-લાઇન પોર્ટલ ifpgujarat.gov.in વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ પર તા. ૮-૮-૨૦૧૬થી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શોપ એકટ લાયસન્સ, ફાયર એન.ઓ.સી., બાંધકામ પરવાનગી/બી.યુ.પી. સર્ટીફીકેટ, લાયસન્સ/પરવાનગી માટે ઓન-લાઇન અરજી થઇ શકશે તેમજ લાયસન્સ/પરવાનગી પણ ઓન-લાઇન ઇસ્યુ કરવામાં આવી રહેલ છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ ૨૦ કોમ્યુનીટી હોલ યુનિટના બુકીંગ શહેરીજનો કોઇપણ જગ્યાએથી કોઇપણ સમયે ઓન-લાઇન કરી શકે તે માટેની સુવિધા વિકસાવવામાં આવેલ છે. આ સુવિધા પણ તા. ૮-૮-૨૦૧૬થી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પરથી ઓન-લાઇન બુકીંગ સુવિધા ઉપલબ્ધ છે.

# જાહેર શૌચ ક્રિયા અટકાવવા મનપાના અધિકારીઓ-કર્મચારીઓનું ખાસ અભિયાન: વહેલી સવારથી ફિલ્ડમાં





જાહેર શૌચ ક્રિયા સમગ્ર સભ્ય સમાજ માટે અત્યંત ક્ષોભજનક અને જાહેર સુરૂચિનો ભંગ કરનાર બાબત છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભારત સરકારશ્રીના 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ, જાહેર શૌચ ક્રિયા અટકાવવાની સાથો સાથ ન માત્ર જાહેર સ્વચ્છતા જાળવવા-સ્વચ્છતા બાબતે માનવીના વિચારોમાં આમૂલ પરિવર્તન લાવવાની દિશામાં જનજાગૃતિ કેળવાય તેવા આશય સાથે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. 'સ્વચ્છ ભારત મિશન' અનુસંધાને સરકારશ્રીએ આપેલા આદેશ મુજબ આજે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાના માર્ગદર્શન હેઠળ શહેરમાં વહેલી સવારે ૫ થી ૮ કલાક દરમ્યાન જાહેર શૌચ ક્રિયા અટકાવવા શહેરમાં જબરદસ્ત અભિયાન ચલાવવા માં આવ્યું હતું.

મ્યુનિસિપલ કમિશનરશ્રીના આદેશ અને માર્ગદર્શન હેઠળ ત્રણેય નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ આ ઝુંબેશમાં સામેલ થયા હતા. નાયબ મ્યુનિ. કમિશનરશ્રી પી. પી. વ્યાસના સુપરવિઝનમાં મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનો સ્ટાફ, પર્યાવરણ ઈજનેરશ્રી નીલેશભાઈ પરમાર, નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીઓ, વોર્ડ એન્જી.શ્રીઓ, વોર્ડ ઓફિસરો, સેનેટરી ઈન્સ્પેકટરશ્રીઓ, સેનેટરી સબ ઈન્સ્પેકટરશ્રીઓ તથા આઈ.ઈ.સી. સેલના સભ્યો સહીત ૨૦૮ અધિકારીશ્રીઓ, સેનેટરી સબ ઈન્સ્પેકટરશ્રીઓ, તથા આઈ.ઈ.સી. સેલના સભ્યો સહીત ૨૦૮ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ, પ્રોજેક્ટ શાખાના સખી મંડળોના ૩૫૦ સભ્યો અને સ્વચ્છતા દૂતો, વિગેરેની વોર્ડ વાઇઝ અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. આઈ.ઈ.સી. સેલના શ્રી ભગીરથસિંહ ઝાલા અને નીરવભાઈ પાડલીયા દ્વારા આ અભિયાન સંકલન કેવામાં આવ્યું હતું.

શહેરમાં આ અગાઉ જાહેર શૌચ ક્રિયાના ઓળખસ કઢાયેલા ૮૦ સ્થળો ખાતે મહાનગર- -પાલિકાની ઉપરોક્ત ટીમોના સભ્યો વહેલી સવારથી જ નિરીક્ષણ અર્થે પહોચ્યા હતા. આ સમય દરમ્યાન જાહેર શૌચ ક્રિયા માટે આવતા લોકોને પોતાના મકાનમાં ટોઈલેટ ના હોય તો ખુલ્લામાં જાજરૂએ જવાને બદલે મહાનગરપાલિકાએ બનાવેલા જાહેર શૌચાલયનો ઉપયોગ કરવા સમજાવવામાં આવ્યા હતાં. મનપાની ટીમોએ આ સ્થળોએ નિરીક્ષણ કરવા અને લોકોને સમજાવાની સાથો સાથ જે તે વિસ્તારમાં ઘેર ઘેર રૂબરૂ જઇને તેમજ બેનર પ્રદર્શિત કરીને પણ લોકોને આ અંગે સમજ આપવામાં આવી હતી.

આ અગાઉ તંત્રને એવું ધ્યાનમાં આવ્યું હતું કે, કેટલાક લોકો પોતાના માલિકીના મકાનોમાં પરપ્રાંતીય શ્રમિકોને ભાડેથી રૂમો રહેવા આપતા હોય છે. જોકે આ શ્રમિકો માટે મકાન માલિકો દ્વારા શૌચાલયો બનાવવામાં આવ્યા હોતા નથી, જેના પરિણામે શ્રમિકોએ ખુલ્લામાં શૌચ ક્રિયા મો જવું પડે છે. દરમ્યાન મહાનગરપાલિકા દ્વારા જે વોર્ડ જાહેર શૌચ ક્રિયાથી મુકત થયેલા જાહેર થાય ત્યાં આવા કિસ્સાઓ પ્રકાશમાં આવશે તો જે તે સંબંધિત મકાન માલિક પાસેથી રૂા. ૫૦૦/- થી ૧૦૦૦/-નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવી રહયો છે. જો મકાનમાં ટોઈલેટ હોવા છતાં પણ જે લોકો જાહેરમાં શૌચ ક્રિયા કરતા જોવા મળશે તો તેઓની પાસેથી રૂા. ૫૦/-નો વહીવટી ચાર્જ તંત્ર વસૂલ કરે છે.










## સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે રાજકોટને આંતરરાષ્ટ્રીય કક્ષાનું ગૌરવ મળ્યું

# રાજકોટના એસ્ટ્રોટર્ફ હોકી મેદાનને વર્લ્ડ ગવર્નિંગ બોડી 'F.I.H.'ની માન્યતા પ્રાપ્ત થઈ



**સમગ્ર ભારતમાં ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન "એફ.આઈ.એચ."નું પ્રમાણપત્ર મેળવી શકયા હોય તેવા માત્ર ને માત્ર ૩૦ મેદાન જ છે : ગુજરાતમાં બનેલું આ પ્રકારનું સર્વપ્રથમ હોકી ગ્રાઉન્ડ : આ અગાઉ સિન્થેટીક એથ્લેટિક ટ્રેકને પણ ઈન્ટરનેશનલ એસો. ઓફ એથ્લેટિક ફેડરેશનનું પ્રમાણપત્ર પણ મળેલું છે.**

રાજકોટ શહેર અને રાજકોટ મહાનગરપાલિકા માટે અત્યંત ગૌરવપૂર્ણ કહી શકાય તેવા એક ઘટના ક્રમાંક મહાનગરપાલિકાએ રેસકોર્ષ ખાતે તૈયાર કરાવેલ એસ્ટ્રોટર્ફ હોકી મેદાન "મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ"ને હોકીની રમતનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંચાલન કરતી-વર્લ્ડ ગવનિંગ બોડી-ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (એફ.આઈ.એચ.) દ્વારા પ્રમાણિત કરી સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ સહર્ષ જાહેરાત કરી હતી. આ તકે એ પણ ખાસ યાદ અપાવવું રહયું કે, આ અગાઉ રાજકોટ મહાનગરપાલિકાએ રેસકોર્ષ ખાતે જ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ મુજબ તૈયાર કરાવેલા સિન્થેટીક એથ્લેટિક ટ્રેકને પણ ઈન્ટરનેશનલ એસો. ઓફ એથલેટિક ફેડરેશનનું "કલાસ-૨ એથલેટિક ફેસીલીટી" પ્રમાણપત્ર પણ મળેલું છે. આમ રાજકોટમાં ક્રિકેટ બાદ હવે હોકી અને એથલેટિકસ માટેના ઈન્ફ્રાસ્ટ્રકચરને આંતરરાષ્ટ્રીય કક્ષાની માન્યતા પ્રાપ્ત થયેલ છે. સ્વિમિંગમાં પણ રાજકોટ નેશનલ ચેમ્પિયનશિપનું આયોજન કરી ચૂકયું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં લોકોને મુળભુત સેવાઓ ઉપલબ્ધ બનાવવા માટે ક્રમશઃ વિવિધ પ્રોજેકટ હાથ ધરવામાં આવી રહયા છે. ગત જાન્યુઆરી માસમાં રાજકોટમાં હાફ મેરેથોનનું આયોજન થયું એ અવસરે આંતરરાષ્ટ્રીય કક્ષાના સિન્થેટીક ટ્રેકની સુવિધા શહેરીજનોને મળી હતી. ત્યારબાદ મહાનગરપાલિકાના પ્રયાસોનાં ફળરૂપે શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના આર્ટીફીશીયલ ગ્રાસ (ટર્ફ) હોકી, ગ્રાઉન્ડ ઉપલબ્ધ બન્યુ છે. રેસકોર્ષ સંકુલના સુવિધાપ્રદ આધુનિકરણ તથા બ્યુટિફિકેશન એથ્લેટિક ટ્રેક અને હોકી ગ્રાઉન્ડ અન્વયે કરવામાં આવેલ.

મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ વધુમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાએ હોકીનું સંચાલન કરતી-વર્લ્ડ ગવર્નિંગ બોડી-ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (એફઆઈએચ) દ્વારા રાજકોટના આ મેદાનને સર્ટિફિકેટ પ્રાપ્ત થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકાએ પ્રક્રિયા હાથ ધરી હતી. આ પ્રક્રિયા અંતર્ગત ઈન્ટરનેશનલ હોકી ફેડરેશનના પ્રતિનિધિ મંડળે રાજકોટના મેદાનની મુલાકત લઈ જરૂરી પરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ આ મેદાનને FIH QUALITY PROGRAMME FOR HOCKEY TURF SWITZERLAND દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં આ પ્રમાણપત્ર ધરાવતા કુલ માત્ર ૩૦ મેદાન જ છે. તેમજ ગુજરાતમાં બનેલું આ પ્રકારનું આ સર્વપ્રથમ હોકી ગ્રાઉન્ડ છે જે રાજકોટવાસીઓ માટે ગૌરવની બાબત છે અને તેનો યશ રાજકોટ મહાનગરપાલિકા ને મળેલ છે.

શહેરના ખેલાડીઓનું રમત ગમત માટે યોગ્ય વાતાવરણ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના મેદાનની સુવિધા મળી રહે તે હેતુથી જુના નેચરલ ગ્રાસ મેદાનની જગ્યાએ હોકી ટર્ફ મેદાન બનાવવાનું નકકી થયેલ હતું. રેસકોર્ષ સંકુલમાં સ્વીમીંગ પૂલ, ક્રિકેટ સ્ટેડિયમ, ઈન્ડોર સ્ટેડિયમ, એથ્લેટિક ગ્રાઉન્ડ બાદ હવે અદ્યતન હોકી ગ્રાઉન્ડનું પણ લોકાર્પણ કરવામાં આવેલ છે. અંદાજીત રૂા. ૫ કરોડના ખર્ચે સાકાર થયેલ આ પ્રોજેકટ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાના સિન્થેટિક ટ્રેકની માફક રાજકોટમાં સ્પોર્ટસ ક્ષેત્રનું એક સુંદર નજરાણું બન્યુ છે.

આ મેદાનને FIH (INTERNATIONAL HOCKEY FEDERATION)નું કલાસ-૨ સર્ટિફિકેશન મેળવવા પ્રક્રિયા રાજકોટ મહાનગરપાલિકાએ શરૂ કરી હતી. આંતરરાષ્ટ્રીય કંપની ગ્રીનફીલ્ડના આયાતી સિન્થેટીક ટર્ફ યાન તથા સોકપેડ વાપરી વોટર સ્પ્રિન્કલર સિસ્ટમ તૈયાર કરી વેટ ફીલ્ડ પ્રકારનું ગુજરાત રાજયનું એકમાત્ર પ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું મેદાન બનાવવામાં આવેલ છે. તથા આ પ્રકારની કામગીરીનું ઈન્સ્ટોલેશન નેધરલેન્ડના નિષ્ણાંત ઈન્સ્ટોલર દ્વારા કરવામાં આવેલ છે તથા પાંચ નિભાવ મરામત તથા વોરંટીની જોગવાઈ રાખવામાં આવેલ છે. આ પ્રોજેકટ માટે આશરે રૂા. ૫ કરોડનો ખર્ચ થયો છે. મહત્વની બાબત એ છે કે આ પ્રોજેકટની કામગીરી ૧ વર્ષની સમય મર્યાદામાં જ પૂર્ણ કરવામાં આવેલ છે.

આ હોકી મેદાનની વિશેષતાઓ જોઈએ તો વેટ પ્રકારનું એફઆઈએચ પ્રમાણિત નેશનલ કલાસ-૨ સ્પેસિફિકેશન મુજબ આંતરરાષ્ટ્રીય કક્ષાના ગ્લોબલ આર્ટીફીશીયલ ગ્રાસ (ટર્ફ) કેટેગરસ એટલે કે ઉચ્ચ કક્ષાનું હોકી મેદાન બનાવાયું છે. વોટર ફિલ મેદાન માટે વોટર સ્ટોરેજ ટેન્ક તથા સ્પ્રીંકલર અને ડ્રેનેજ સિસ્ટમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મેદાનનો ઉપયોગ સુવ્યવસ્થિત ઢબે થાય અને તેની યોગ્ય રીતે જાળવણી પણ થઈ શકે તે માટે પાંચ વર્ષના મેઈન્ટેનન્સ ગેરેન્ટી પીરીયડ સાથે ટેન્ડરમાં જોગવાઈ કરવામાં આવી હતી. આ મેદાન ઉપલબ્ધ થતા સૌરાષ્ટ્રના ખેલાડીઓને પ્રોત્સાહન મળશે. હરીફાઈ માટે સારી તૈયારી પણ કરી શકશે તેવી આશા મ્યુનિ. કમિશનરશ્રી એ વ્યકત કરી હતી.






# રાજકોટ માટે સ્વિત્ઝર્લેન્ડ સરકારના ‘‘કેપેસીટીઝ’’ પ્રોજેકટનું લોન્ચિંગ




રાજકોટ શહેરે એક મોર્ડન અને સ્માર્ટ સિટી બનવાની દિશામાં આજે એક મહત્વનું કદમ માંડયું હતું. દેશ વિદેશની નવી ટેકનોલોજી શહેરના ભૌતિક અને આર્થિક વિકાસને ઝડપ પ્રદાન કરી શકે છે. રાજકોટના વિકાસમાં પણ નવી ટેકનોલોજી અને પરંપરાગત સંસાધનો મહત્વની ભૂમિકા ભજવે અને શહેરીજનોની જીવનશૈલી વધુ સાનુકુળ અને એફોર્ડેબલ બનાવી શકે છે. કઇક આવા જ પાયાના કન્સેપ્ટ સાથે રાજકોટ શહેરે સ્વિત્ઝર્લેન્ડ સરકાર સાથે અનુસંધાન સાકાર કર્યું છે. સ્વિત્ઝર્લેન્ડ સરકારે તેના ‘‘લો કાર્બન એન્ક કલાઇમેન્ટ રેઝીલીયન્ટ સિટી ડેવલપમેન્ટ ઇન ઇન્ડીયા’’ વિષય અંગેના કેપેસીટી બિલ્ડીંગ પ્રોજેકટ માટે થોડા સમય પૂર્વે જ રાજકોટ શહેરની પસંદગી કરેલી છે. આ પ્રોજેકટ માટે રાજકોટ સહિત ભારતના જે ચાર શહેરો પસંદ થયા છે તેના માટે તા. ૧૯-૭-૨૦૧૬ નાં રોજ રાજકોટ ખાતે પ્રોજેકટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેકટ માટે સ્વિત્ઝર્લેન્ડ સરકારની ‘‘સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કોઓપરેશન’’ (એસ.ડી.સી.) દ્વારા નિયુકત થયેલ સ્વિસ સભ્યો સહિતની ટીમ ઉપરાંત એસ.ડી.સી.ની મુખ્ય સહયોગી એક્ષ્પર્ટ એજન્સી/સંસ્થાઓ "ICLEI", ‘‘સાઉથ પોલ’’ અને ‘‘ઇકન્સેપ્ટ’’ રાજકોટ મહાનગરપાલિકાને પ્રોજેકટના અમલીકરણમાં દરેક તબકકે સહાયરૂપ થશે. ગઇકાલે શહેરનાં આર્કિટેકટસ એસો., બિલ્ડર એસો. અને ચેમ્બર સહિતના સ્ટેકહોલ્ડર્સની એક બેઠક મળી હતી. જેમાં સ્વિસ ટસમના હેડ શ્રી એલેકઝાન્ડર લ્યુસીંજર અને રાજકોટ માટેના કોચ-પ્રોગ્રામ કોઓર્ડીનેટર શ્રી સૌમ્યા ચતુર્વેદીએ પોતાના પ્રેઝન્ટેશન મારફત પ્રોજેકટની રૂપરેખા આપી તેમાં સંભવિત કાર્યો કરવામાં આવી શકે છે તે વિશે સૌને વાકેફ કર્યા હતાં.

વાતારવણમાં ભળતા કાર્બનનું પ્રમાણ ક્રમશઃ ઘટાડવા અને કુદરતી આપતિઓ સામે મકકમ પ્રતિકાર કરવા શહેર સુસજજ બની શકે એ માટેના આ ખાસ પ્રોજેકટ માટે થયેલી પસંદગીને પગલે રાજકોટ શહેર સ્વિસ ઓથોરીટી તરફથી હાલ રૂા. ૧ કરોડની ગ્રાન્ટ પણ મવાપાત્ર થશે.

આજે ગુજરાત રાજયના એનર્જી એન્ડ પાવર સાયન્સ એન્ડ વિભાગના માન. મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, સ્વિસ ઓથોરિટી એસ.ડી.સી.ના ડાયરેકટરશ્રી ડેનિયલ જીગરર, ટીમના હેડ શ્રી એલેકઝાન્ડર લ્યુસીંજર, ડે. મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, હાઉસીંગ ઇમ્પ્રૂવમેન્ટ કમીટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠીયા, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, ડે. કમિશનરશ્રી આર. જે. હાલાણી, અને શ્રી પી. પી. વ્યાસ તથા આર્કિટેકસ એસો., બિલ્ડર એસો., અને ‘‘ચેમ્બર ઓફ કોમર્સ’’ના પ્રતિનિધિઓ, સિનિયર અધિકારીઓ વગેરેની ઉપસ્થિતિમાં પ્રોજેકટ લોન્ચિંગ સમારોહ યોજાયો હતો. આ પ્રોજેકટમાં "ICLEI" સાઉથ એશિયાના શ્રી ઇમાની કુમારના માર્ગદર્શન હેઠળ શ્રી અંકિત મકવાણા સામેલ છે.

એસ.ડી.સી.ના ડાયરેકટર શ્રી ડેનિયલ જીગરરે સ્વિસ

સરકારના આ પ્રોજેક્ટ અને રાજકોટના અનુસંધાન અંગે વાત કરતા કહ્યું હતું કે, લાંબી તૈયારી બાદ આપણે આજે અમલીકરણના તબક્કે પહોંચ્યા છીએ. એસ.ડી.સી. અને ભારત વચ્ચે પાંચ દાયકાથી સહયોગનું આદાન પ્રદાન થઇ રહ્યું છે અને હવે તેમાં સ્વિસ અને રાજકોટનું જોડાણ પણ થયું છે. કલાઇમેટ ચેન્જ અને એનર્જી એફિશિયન્સી પ્રોજેક્ટ હેઠળ ફાઉન્ડ્રી ઇન્ડસ્ટ્રીઝ પંપ મેન્યુફેકચરિંગ ખાસ કરીને કૃષિ માટે, બાયો ગેસ, બિલ્ડીંગ નિર્માણ વગેરે ક્ષેત્રમાં નવી ટેકનોલોજી પ્રમોટ કરી શકાય છે. રાજકોટના સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં પણ તે ખુબ જ ઉપયોગી પૂરવાર થશે.

આ તકે ગુજરાત રાજ્યના એનર્જી એન્ડ પાવર સાયન્સ એન્ડ વિભાગના માન. મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલે સ્વિસ સરકારનો સહયોગ પ્રાપ્ત કરવા બદલ રાજકોટ મહાનગરપાલિકા ને અભિનંદન પાઠવ્યા હતાં. ગ્લોબલ વોર્મિંગ અને કલાઇમેટ ચેન્જ અનુસંધાને ગુજરાત અને રાજકોટમાં થઇ રહેલી વિવિધ પ્રવૃત્તિઓની તેમણે ઝલક આપી હતી. ઉપરાંત રૂફ ટોપ સોલાર એનર્જી સિસ્ટમ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી અપાતી અનુક્રમે રૂા. ૨૦,૦૦૦ અને રૂા. ૧૦,૦૦૦ની ગ્રાન્ટનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય અને મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા સ્વિસ ટીમને આવકારી હતી અને પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા જેમાં રાજકોટ શહેર માટે મહાનગરપાલિકા દ્વારા થઇ રહેલી વિવિધ આનુસાંગિક કામગીરીના વાત કરી હતી.

અત્રે એ ઉલ્લેખનીય બનશે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની વર્તમાન તમામ સોડીયમ સ્ટ્રીટ લાઇટ એલ.ઇ.ડી.માં કન્વર્ટ કરવા માટે હાથ ધરાયેલ પ્રોજેક્ટની તમેજ રાજકોટમાં મહાનગર--પાલિકા દ્વારા સંચાલિત પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પણ પ્રદુષણરહિત છે તે બાબતની સ્વિસ ટીમે ખુબ ખુબ પ્રશંશા કરી હતી. ગુજરાત સરકારશ્રીએ પણ ''ઉજાલા'' સ્કીમ હેઠળ રાજ્યમાં ૧ કરોડ એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ કરેલ છે એ હકીકત પણ સ્વિસ ટીમના ધ્યાને મુકવામાં આવી હતી.

''સ્માર્ટ સિટી'' બનવાની દિશામાં મહત્વનું એવું એક મક્કમ પગલું ભરી રહ્યુ છે ત્યારે આ પ્રોજેક્ટમાં માધ્યમથી રાજકોટ શહેર કલાઇમેટ ચેન્જ અને કાર્બન ઉત્સર્જન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી શકશે. આ પ્રોજેક્ટના મુખ્ય હેતુઓ વિશે વિસ્તૃત વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું કે, સ્વિસ સરકાર દ્વારા પસંદ થયેલી એજન્સીઓ મુખ્યત્વે જે મુદ્દાઓ પર કામ કરનાર છે તેમાં (૧) રીસર્ચ એન્ડ સિટી પ્લાનીંગ-ભાવિ પડકારોનો સામનો કરવા કેવી સુસજ્જતા કેળવવી તેનું નક્કર આયોજન, (૨) ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનનું પ્રમાણ ઓછું કરવું, ઘન કચરો અને પ્રવાહી કચરાનો યોગ્ય પધ્ધતિએ નિકાલ કરવો, (૩) ટ્રાન્સપોર્ટેશન, બિલ્ડીંગ, ઘન કચરો અને સુએઝથી પર્યાવરણને થતા નુકશાનના પ્રમાણમાં ઘટાડો કરવો તેમજ રાજકોટ શહેરને લાંબા સમયગાળા સુધી પીવાના પાણી માટે મુશ્કેલી ના પડે એ માટે વિશેષ આયોજન કરવું, અને (૪) જ્ઞાનનું આદાન - પ્રદાન જેમાં ઉપરોક્ત વિવિધ મુદ્દાઓ બાબતે જ્ઞાન અને અભ્યાસના તારણોના આદાન - પ્રદાન થકી શહેરી આયોજન કરવાનો સમાવેશ થાય છે.

સ્વિસ સરકારની ''સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કોઓપરેશન'' (એસ.ડી.સી.) એજન્સી દ્વારા આ પ્રોજેક્ટ માટે જરૂરી કાર્યવાહી માટે પસંદ કરવામાં આવેલી વિવિધ એજન્સી દ્વારા આ પ્રોજેક્ટ માટે જરૂરી કાર્યવાહી માટે પસંદ કરવામાં આવેલી વિવિધ એજન્સીઓનાં નિષ્ણાંતો રાજકોટ મહાનગરપાલિકાને આ પ્રોજેક્ટના અમલીકરણમાં જુદી જુદી રીતે પોતાની સેવા પ્રદાન કરશે. જેમાં પર્યાવરણ સંતુલન, કાર્બનના પ્રમાણમાં ઘટાડો અને કલાઇમેટ ચેન્જને કારણે ઉભા થતા પડકારો ઝીલવા સુસજ્જતા કેળવવા જેવા મુદ્દાઓ પર કાર્ય હાથ ધરવામાં આવનાર છે.

દરમ્યાન ગઇકાલે સ્વિસ પ્રતિનિધિ મંડળે રાજકોટ મહાનગરપાલિકાની વોટર ઓડિટ માટેની ''સ્કાડા'' સિસ્ટમ નિહાળી હતી. આ ઉપરાંત જીલ્લા ગાર્ડન ખાતે ડી.ટી.એસ. પ્લાન્ટની મુલાકાત પણ લીધી હતી. બપોર બાદ પ્રતિનિધિ મંડળ રૈયા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પોપટપરા વિસ્તારમાં નિર્મિત એમ.એમ.જી.વાય. હેઠળ એલ.આઇ.જી. અને એ.ડબલ્યુ.એસ. પ્રકારના આવાસ તથા પ્રદ્યુમ્ન પાર્કની મુલાકાત લેશે. પ્રદ્યુમ્ન પાર્કમાં સોલાર એનર્જી સંચાલિત વાહનો, સોલાર વોટર પંપ, સોલાર ફેન્સીંગ વગેરે માટે નવા વિકલ્પો વિશે વિચારણા કરી હતી.

અહી એ યાદ અપાવીએ કે, થોડા સમય પૂર્વે ભારત ખાતેના સ્વિત્ઝર્લેન્ડના એમ્બેસેડર હિઝ એક્સલાન્સી શ્રી ડો. લિનસ વોન કેસલમુરે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી વિજય નેહરા સાથે એક ખાસ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન તેઓશ્રીએ સ્વિસ સરકારના આ પ્રોજેક્ટ અને રાજકોટની પસંદગી કરાયા અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

સ્વિત્ઝર્લેન્ડની સરકાર રાજકોટ મહાનગરપાલિકાને ૫(પાંચ) બાબતે મદદરૂપ થશે.

**૧. સંશોધન અને શહેરી આયોજન :**

આબોહવા પરિવર્તનથી થતી અસરના પુનઃસ્થાપન વિકાસના આયોજન માટે સંશોધન અને

વિશ્લેષણ : શહેરી વિસ્તારના નીચા ઉત્સર્જન વિકાસ વ્યૂહ રચનાના ભાગરૂપે ઓળખાયેલ યોજનાના કાર્યલક્ષી કાર્યક્રમના અમલીકરણ માટે પ્રોત્સાહન તથા તાંત્રિક સહાયતા.

**૨. (૧) કાર્બન ડાયોક્સાઇડ ઘટાડવા માટે :**

આવાસ ક્ષેત્રઃ પોષણક્ષમ આવાસ યોજના પર ધ્યાન કેન્દ્રીત કરવું જેમાં ઉર્જા કાર્યક્ષમ બનાવવા અંગે તાંત્રિક સહયોગ. બહુમાળી આવાસ યોજનાઓમાં ઉર્જા કાર્યદક્ષતા આધારીત ડિઝાઇન અંગે તાલીમનું આયોજન જેથી ઓછા ખર્ચ થકી સમયબદ્ધ પરિયોજના પુર્ણ કરી શકાય.

**(૨) પરિવહન/ગતિશીલ:**

પરિવહન ક્ષેત્રમાં આઇ.ટી.ના મહત્તમ ઉપયોગ કરી ગતિશીલતા મેળવી.

દા.ત. વિદ્યુત આધારીત જાહેર પરિવહન સેવાઓ.

UNEP(United Environment Program) દ્વારા રાજકોટ શહેર માટે કરવામાં આવેલ અભ્યાસ આધારીત અમલીકરણ માટે ગતિશીલ ઉકેલ.

**૩. ગટર/ઘન કચરો :**

ઘન કચરાના ઉત્પતિ અને વૈજ્ઞાનિક નિકાલ થકી ઉર્જા ઉત્સર્જન માટે તાંત્રિક સહાય અને પ્રોત્સાહન.

ગંદા પાણી (Decentralized treatment) અને ઉર્જાના પુનઃપ્રાપ્તિ માટે તાંત્રિક સહાય.

**૪. આબોહવા સ્થિતિસ્થાપકતા :**

જળાશયો (હયાત)માં કાયાકલ્પ માટે લાંબા ગાળાની પાણી ઉપલબ્ધતા સ્થિરતા અને ચોક્કસ હસ્તક્ષેપ માટે સંશોધન અને વિશ્લેષણ, પ્રદુષણ ઘટાડવા, કટોકટીના સમયને પહોંચસ વળવા ભૂગર્ભ જળ રીચાર્જ.

પાણી પુરવઠા અને વિતરણમાં તેમજ વોટર લીકેજ રોકવા જરૂરી કાર્યદક્ષતા.

**૫. જ્ઞાનનું આદાનપ્રદાન :**

શહેરી આયોજન તથા ઓળખાયેલ ક્ષેત્રમાં જ્ઞાન અને શ્રેષ્ઠ અભ્યાસનું આદાન પ્રદાન.







## ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય, પાણીજન્ય તથા ખોરાકજન્ય બીમારી સામે ખાસ સાવચેતી :

# રોગચાળો અટકાવવા ખાસ એકશન પ્લાન

હાલ ચોમાસાની ઋતુને કારણે મચ્છરજન્ય તથા પાણીજન્ય રોગચાળો ફેલાવાની સંભાવના છે. રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી વિજય નેહરાની સુચનાનુસાર રોગચાળા અટકાયતીના ભાગરૂપે આરોગ્ય શાખા દ્વારા તા. ૧૧-૭-૨૦૧૬ના રોજ એકશન પ્લાન બનાવવામાં આવેલ છે. જે નિચે મુજબ છે.

• દરેક વોર્ડમાં મેડિકલ, એસ.આઇ./વેકસીનેટર, સુપિરીયર ફિલ્ડવર્કર, ફિલ્ડવર્કરની રેપિડ રિસ્પોન્સ ટીમ બનાવ- -વામાં આવેલ છે. કોઇપણ વિસ્તારમાં મેલેરિયા, ડેન્ગ્યુ, કમળો, ટાઇફોઇડ જેવો રોગચાળો નોંધાય તો તરત જ આ ટીમ દ્વારા જે તે વિસ્તારમાં સર્વેલન્સ, પોરાનાશક, ફોગીંગ, કલોરીન ટેબલેટ વિતરણ, O.R.S. પેકેટ વિતરણ જેવા રોગ અટકાયતીના પગલા લેવામાં આવશે.

• વોર્ડવાઇઝ વરસાદી ખાડાઓમાં નિયમિત જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવશે, તથા જરૂર જણાયે બાંધકામ શાખાના સહયોગથી આવા ખાડામાં ભરતી ભરી બુરાણ કરવામાં આવશે.

• મચ્છરજન્ય રોગચાળા માટે ૦૨૮૧-૨૨૩૭૦૬૨ નંબર પર સવારના ૧૦ થી સાંજના ૬ સુધી કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે જેમાં આવતી ફરિયાદોનો ૨૪ કલાકની અંદર જ નિકાલ કરવામાં આવશે.

• દરેક આરોગ્ય કેન્દ્ર પર એન્ટી મેલેરિયલ, કલોરીન ટેબલેટ, O.R.S.ના પેકેટ, ઝાડા ઉલ્ટીની દવાઓ તથા અન્ય એન્ટી એપીડેમિક દવાઓનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવેલ છે.



• હાલ મહાનગરપાલિકા ખાતે કલોરોકવીન ટેબલેટ, કલોરન ટેબલેટ, O.R.S., ફોગીંગ મશીન વગેરેનો જથ્થો ઉપલબ્ધ રાખેલ છે.

• મચ્છરજન્ય રોગચાળા માટે વોર્ડવાઇઝ સ્કૂલ, કોલેજો, હોટલ, હોસ્પિટલ, બાંધકામ સાઇટ, ઇન્ડસ્ટ્રીઝ, ધાર્મિક સ્થળો, સરકારી કચેરી, કોમ્પલેક્ષ, સેલર વગેરેનો સર્વે કરી લિસ્ટ તૈયાર કરવામાં આવેલ છે. જેથી આવા સ્થળોએ નિયમિત ચેકીંગ કરી વાહક નિયંત્રણ કામગીરી કરી શકાય.

• ખોરાકજન્ય રોગચાળા અટકાયતી માટે હોટલ, રેસ્ટોરન્ટ, રેકડીનું ફુડ શાખા દ્વારા ચેકીંગ કરી નમુના લેવામાં આવશે.

• હોકર્સ ઝોન તથા રાત્રી બજારનું નિયમિત ચેકીંગ કરવામાં આવશે.

• ડ્રેનેજ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા સાથે સતત સંકલનમાં રહી ડહોળા પાણીની ફરિયાદનો ત્વરિત નિકાલ કરવામાં આવશે.

• સિવીલ હોસ્પિટલ, આઇ.એમ.એ. અને અન્ય પ્રાઇવેટ હોસ્પિટલ તથા પેથોલોજી લેબોરેટરી સાથે સંકલન કરી રોગચાળાની માહિતી લઇ વિસ્તારમાં રોગ અટકાયતી કામગીરી કરાવવામાં આવશે.

• હાઇરિસ્ક વિસ્તારોમાં અર્બન આશા, હેલ્થવર્કર દ્વારા સઘન સર્વેલન્સ કામગીરી કરવામાં આવશે.

• શાળાઓમાં તથા સંવેદનશીલ વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સ્થળો તથા તેના નિકાલ અંગે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન તથા મચ્છરના લાર્વા, મચ્છરના જીવંત નિદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે.

• રોગચાળા અટકાયતી કામગીરીમાં આરોગ્ય શાખાનાં પ્રયાસોમાં જનસમુદાયની ભાગીદારી પણ અતિ આવશ્યક છે. લોકો પોતાના ઘરમાં તથા ઘરની આસપાસ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નિકાલ કરે તથા નીચે દર્શાવેલ પગલા લઇ તથા રોગચાળા અટકાયતિ કામગીરીમાં સહકાર આપે તેવી આરોગ્ય અધિકારી ડો. વિજય પંડ્યા તથા ડો. પી. પી. રાઠોડ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

• પીવાના તથા વપરાશના ટાંકાપીપ તથા પાણીથી ભરેલ અન્ય પાત્ર હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવા અને અઠવાડિયામાં એક દિવસ ઘસીને સાફ કરી તડકામાં સુકવ્યા બાદ જ ફરીથી ઉપયોગમાં લેવા.

• બિલ્ડીંગના/રહેણાકના વોટર કુલર, ફુવારા, ફ્રિજ ટ્રે, કુલદાની અને પક્ષીઓના પાણી પીવાના કુંડા વગેરેનું પાણી દર ત્રીજા દિવસે બદલતા રહેવું તથા આવા દરેક પાત્રોની અંદરની દિવાલ ઘસીને સાફ કરવી.

• પ્રિમાઇસીસ તથા બિલ્ડીંગ ની અગાશી (ધાબા), છજ્જાઓની સાફ સફાઇ કરાવવી તેમજ બિનજરૂરી ભંગાર, ટાયર-ટ્યૂબ, બિન ઉપયોગી ડબ્બાડુબ્બી કે જ્યાં વરસાદી કે અન્ય પાણી ભરાવાની શકયતા હોય તેનો તાત્કાલિક યોગ્ય સ્થળે નિકાલ કરાવવો અત્યંત આવશ્યક ગણી શકાય.